

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ગ્રામ પંચાયતની ચુંટણી યોજાઈ હતી. જેમાં યુવા મતદાતાઓથી માંડીને વયોવૃધ્ધ મતદાતાઓએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ચિલોડાના ૧૦૩ વર્ષીય વૃધ્ધા ફતુબેન મનસુરીએ મતદાન કરીને અન્ય મતદાતાઓ માટે પ્રેરક ઉદાહરણ પુરું પાડયું હતું.

# ધાનેરા તાલુકા ની ૨૨ ગ્રામ પંચાયતની ચૂંટણી સુખરૂપ સંપન્ન

ધાનેરા, તા.૨૭

ધાનેરા તાલુકાની ૨૪ ગ્રામ પંચાયતમાં ૬૪૨ ઉમેદવારોએ પોતાની ઉમેદાવરી નોંધાવી હતી તે બાદ ફોર્મ ચકાસણી દરમ્યાન સરપંચના ૩ અને સભ્યના ૫ કુલ મળી ૮ ફોર્મ રદ કાર્ય હતા તો બીજી તરફ ધાનેરાની સામરવાડા અને ભાટીબ બંને ગ્રામ પંચાયત બિન હરીફ વિજય બની હતી ત્યારે આજે ધાનેરા તાલુકાની ૨૨ ગ્રામ પંચાયત ની ચૂંટણી યોજાઈ હતી જેમાં ૬૩૪ ઉમેદવારો ભાવિ ઈવીએમ મશીનમાં શીલ થયા હતા અને શાંતિ પૂર્ણ માહોલ માં મતદાન કર્યું હતું

ધાનેરા તાલુકાની ૨૨ ગ્રામ પંચાયતો ની ચૂંટણી આજે યોજાઈ હતી જેમાં સરપંચ પદે ૧૪૮ ઉમેદવારો મેદાન માં હતા તો સભ્ય પદે ૪૮૬ ઉમેદવારો મેદાન માં હતા કુલ ૬૩૪ ઉમેદવારો ની ચૂંટણી યોજાઈ હતી વહેલી સવાર થી જ દરેક ગામની પ્રાથમિક શાળા માં મતદાન કરવા માટે લોકોની ભારે લાઈન લાગેલી જોવા મળી રહી હતી અને લોકોએ ખુબજ શાંતિ પૂર્ણ માહોલ માં અને ઉત્સાહ સાથે મતદાન કર્યું હતું સવાર થી સાંજ સુધી ધાનેરા તાલુકા ની ૨૨ ગ્રામપંચાયત નું મતદાન નોંધાયું હતું તો બીજી તરફ દરેક ઉમેદવાર પોતાની જીત વ્યક્ત કરી રહ્યાં છે પરંતુ ૨૯ તારીખે જ ખબર પડશે કે કોણ હારે છે અને કોણ જીતે છે.

# ....આમાં કવિ થર્ટી પ્લસની વાત કરે છે
# સોશ્યલ મિડીયા પર હવે બકો, સાન્તા-બન્તા, જેઠાલાલ વગેરે ભુલાયા અને હવે 'કવિ' છવાયાં...!!

ગાંધીનગર, તા.૨૭

આજકાલ વિશાળ બનતા સોશિયલ મિડીયામાં નેટીઝન્સને 'કવિ'ના નામના જોક અને પોસ્ટો મોકલવાની એક પીન ચોંટી ગઈ છે. આથી વોટસએપ ફેસબુક સહિતના સોશ્યલ મિડીયા પર કવિની પોસ્ટો અને જોક ધૂમ મચાવી રહ્યા છે. જેની ભરપૂર નેટીઝન્સ મજા લઈ રહ્યા છે. થોડા સમય અગાઉ નોટબંધી, સાન્તા-બન્તા, જો બકાના જોક અને પોસ્ટો ખુબ જ પ્રચલિત હતા. આજે તેનું સ્થાન 'કવિ' એ લઈ લીધું છે અને આવી અનેક પોસ્ટ હાલ ખુબ જ ફોરવડીંગ થઈ રહી છે.

- દિલ છે તો દુધપાક છે નહીં તો બધુ કારેલાનું શાક છે. આમાં કવિ રસોઈયા હોવાનું અનુમાન છે.
- પોતાની સ્ટાઈલ બિન્દાસ્ત હોવી જોઈએ દુનિયાની નજર તમારા પર હોવી જોઈએ જીવન એવું જીવો કે ભગવાન પણ કહે આ નંગને તો ફરીવાર માણસ જ બનાવવો જોઈસે સાલો કેટલો મોજ મસ્તીથી જીવે છે...આમાં કવિ મારી વાત કરે છે.
- પત્નીએ સવાર સવારમાં કહ્યું કે અડધું માથુ દુ:ખે છે, કવિ - એ તો જેટલું હોય તેટલું દુ:ખે... બસ ત્યારથી કવિનું આખું શરીર દુ:ખે છે.
- હમણા એક સાચુકલા કવિ મળી ગયા... પુછયું હમણા કેમ કંઈ લખતા નથી? બોલ્યા તમે લોકો બંધ કરો તો કંઈક લખું ને...
- મા બાપ તમને રાત્રે એટલે વહેલા આવવાનું કહે છે કે ઉજાગરા તો કોઈ નહીં જુએ પણ ધજાગરા આખું જગત જોશે... આમાં કવિ ફાર્મ હાઉસમાં પાર્ટી કરતા પકડાયા છે એટલે બાપાની વાતો યાદ કરે છે.
- લગ્ન પછી છોકરીઓના નામ કે અટક બદલવાની પ્રથા બંધ થવી જોઈએ..! આમાં કવિને ફેસબુક પર સ્કૂલની જૂની છોકરીઓ ગોતવામાં તકલીફ થાય છે.
- દૂરથી જોયું તો ફલાઈંગ કિસ આપતી હતી નજીક જઈને જોયું તો સીંગના ફોતરા ઉડાડતી હતી. આમાં કવિનો દાવ થઈ ગયો હો...
- બાટલો ને બાટલીમાં શું ફરક બાટલો ચઢાવવો પડે... જયારે બાટલી એને મેળે જ ચઢી જાય...આમાં કવિ ૩૧ ડિસેમ્બરની વાત કરે છે.

# શહેરમાં પતંગ વેચાણ માટે હંગામી સ્ટોલ અપાશે

ગાંધીનગર, તા.૨૭

ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને ગાંધીનગર શહેરી વિસ્તારમાં પતંગ વેચાણની કાર્યવાહી કરવા હંગામી મંજુરી મેળવવા માટેનું ફોર્મ તા. ૨૭/૧૨/૨૦૧૬ થી ૦૩/૦૧/૨૦૧૭ દરમ્યાન કામકાજના ચાલુ દિવસોએ રજીસ્ટ્રી શાખા, કલેકટર કચેરી, ગાંધીનગરમાં કચેરી સમય દરમ્યાન રજૂ કરવાની રહેશે. આ ફોર્મ જરૂરી વિગતો સાથે ભરીને તા. ૦૩/૦૧/૨૦૧૭ના ૪.૦૦ કલાક સુધીમાં જમા કરાવવાનું રહેશે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં પતંગ વેચાણની કાર્યવાહી કરવા હંગામી પરવાની અરજી ઉપર રૂા. ૩/-ની કાર્ટ ફી સ્ટેમ્પ લગાડવાની રહેશે. જરૂરી ફી સદર હેડ ૦૦૭૦, ઓ.એ.એસ.સી સદરે જનસેવા કેન્દ્ર માંથી મંજુર કરાવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા બેંક ઓફ બરોડામાં ચલણથી જમા કરાવીને એક નકલ અરજી ફોર્મ સાથે બીડવાની રહેશે. ખુલ્લા પ્લોટ માટે ભાડાની રકમ ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના વિભાગ- ૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગર પાલિકાની કચેરી પૈકી જે કચેરીમાં ભાડુ વસુલ લેવામાં આવતુ હોય તે કચેરીમાં જમા કરાવી ભાડાની પહોંચ અરજી પત્રક સાથે બીડવાની રહેશે. ગાંધીનગર શહેરમાં સરકારી ખુલ્લા પ્લોટ સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા અધિક્ષક ઈજનેરશ્રી, ગાંધીનગર તરફથી નિયત કરવા આવે તે સેકટર માટે જ હંગામી મંજૂરી આપવાના છે. જેથી આ અંગેની વિગતો જાણી જે તે સેકટર પુરતી જ પ્લોટ મેળવવા માટે પસંદગી પ્રમાણે અરજી કરવાની રહેશે. પ્લોટની ફાળવણી ડ્રો ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, મહાનગરપાલિકા, ગાંધીનગર અથવા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કરવામાં આવશે અને જે પ્લોટ ફળવાશે તેમાં જ ધંધો કરવાનો રહેશે. જેથી પ્લોટનું ભરેલ ભાડું રીફંડ મળશે નહિ. પ્લોટ ઉપર સ્ટોલની વ્યવસ્થા, લાઈટની વ્યવસ્થા, ફાયર સેફટી સાધનોની વ્યવસ્થા અરજદારે જાતે કરવાની રહેશે. મંજૂરીની શરતોપ્રમાણે આગ-અકસ્માત માટેની સાવચેતી પગલા માંગણીદારે લેવાના રહેશે. આમ છતાં કોઈ દુર્ઘટના બનશે.



શહેરના 'ચ' માર્ગ પર ચ-૫ થી પંચદેવ મંદિર તરફ જઈ રહેલી અલ્ટો કાર નં. જીજે-૨-આર ૭૧ ૩૯માં અચાનક આગ લાગી હતી. કારમાં સવાર તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. ફાયરબ્રિગેડે પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ વધુ નુકશાન થતા અટકાવ્યું હતું. આગને પગલે 'ચ' માર્ગ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

# રાજયમાં પ્રથમવાર દિવ્યાંગોની શૈક્ષણિક સંસ્થાઓમાં ગુણોત્સવ અને પ્રવેશોત્સવ પણ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

રાજ્યમાં પ્રથમવાર દિવ્યાંગોની શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલુ વર્ષથી ગુણોત્સવ અને આગામી વર્ષથી પ્રવેશોત્સવ પણ યોજાશે, જેથી શિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે, તેમ આજે ગાંધીનગર ખાતે અશક્ત વ્યકિતઓના (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) અધિનિયમન હેઠળ મળેલી રાજ્ય સંકલન સમિતિની બેઠકમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી આત્મારામભાઈ પરમારે જણાવ્યું હતું. આ બેઠકમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના કલ્યાણ રાજ્યમંત્રી શ્રી કેશાજી ચૌહાણ પણ ઉપસથિત રહ્યા હતા

મંત્રીએ કહ્યું હતું કે, દિવ્યાંગોને તમામ અધિકાર તેમજ સુવિધાઓ આપવા રાજય સરકાર કટિબદ્ધ છે, કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ ગુજરાતમાં અગાઉથી રાજ્ય સંકલન સમિતિની રચના કરવામાં આવી છે. આમ કેન્દ્રની જેમ ગુજરાત સરકાર પણ દિવ્યાંગોના કલ્યાણ માટે સતત ચિંતીત છે. 'સુગમ્ય ભારત અભિયાન' અંતર્ગત રાજયમાં દિવ્યાંગો માટે તમામ જાહેર સ્થળોએ તેમને હરવા-ફરવામાં મુશ્કેલી ન પડે તે માટે અનુકુળ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પ્રથમ તબક્કામાં રાજયના અમદાવાદ, વડોદરા, સુરત, અને ગાંધીનગર જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. રાજયમાં ગંભીર-બહુ વિકલાંગતા ધરાવતા વ્યકિતઓ માટે દાહોદ, ભૂજ અને સુરત ખાતે ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓ પણ શરૂ કરવામાં આવી છે. જન્મજાત બાળકોમાં રહેલી ખામીઓની ઓળખ કરીને તેની યોગ્ય સારવાર થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં અટલ સ્નેહ યોજનાનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે.

## કમર તુટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોએ તેમને ચોકીદારની જવાબદારી સોંપી છે. તેઓ ચોકીદારી કરી રહ્યા છે ત્યારે કેટલાક લોકોને ચિંતા સતાવી રહી છે. નોટબંધીના એક જ પ્રહારથી નકલી નોટ, આતંકવાદ, ડ્રગ્સ માફિયા અને અન્ડરવર્લ્ડની કમર તુટી ગઈ છે. નોટબંધીને લઈને લોકોને થઈ રહેલી તકલીફનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, લોકોને જે તકલીફ થઈ છે તેનાથી તેઓ વાકેફ છે પરંતુ દેશ ભ્રષ્ટાચારની સામે લડવા માટે હવે તૈયાર છે. સફાઈ અભિયાન આગળ પણ જારી રહેશે. મોદીએ ૨૦૧૪ સામાન્ય ચૂંટણીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ચૂંટણી પહેલા કોંગ્રેસે કહ્યું હતું કે, જો તેઓ જીતી જશે તો નાગરિકોને મળનાર નવ સિલિન્ડરોની સંખ્યા વધારીને ૧૨ કરી દેવામાં આવશે પરંતુ જ્યારે ભાજપનો વિજય થયો ત્યારે ગરીબી રેખા નીચે રહેનાર પાંચ કરોડ પરિવારોને ગેસ કનેક્શન આપ્યા છે. વન રેંક વન પેન્શનના મુદ્દે પણ કોંગ્રેસની તેઓએ ઝાટકણી કાઢી હતી. છેલ્લા ૪૦ વર્ષથી દેશના જવાનો આ માંગ કરી રહ્યા હતા. ૪૦ વર્ષ સુધી શાસન કરનાર લોકોને ક્યારેય સૈનિકોની યાદ આવી ન હતી. ચૂંટણી નજીક આવી છે ત્યારે તેમને લાગ્યું કે, મોદીને સેના પ્રત્યે વિશેષ પ્રેમ છે. એ વખતે બજેટમાં ૫૦૦ કરોડ ઉમેરી દેવામાંઆવ્યા હતા. જ્યારે આનુબજેટ ૧૦૦૦૦ કરોડ રૂપિયાથી વધારે છે.

## સંપૂર્ણ ફ્લોપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. રાહુલે કહ્યું હતું કે, નોટબંધીથી માત્ર ગરીબોને જ નુકસાન થયું છે. દેશની અર્થવ્યવસ્થાને નુકસાન થયું છે. બેરોજગારી વધી છે. મજુરોની પાસે પૈસા આવી રહ્યા નથી. ખેડૂતો પાસે ખાતર અને બિયારણ ખરીદવા માટે પૈસા નથી. રાહુલ ગાંધીએ ૩૦મી ડિસેમ્બરની ડેટલાઈનનો ઉલ્લેખ કર્યો હતો. રાહુલે કહ્યું હતું કે, ૩૦મી તારીખનો સમય નજીક આવી ગયો છે. ૩૦ તારીખ આવનાર છે પરંતુ કોઈ સુધારો થયો નથી. રાહુલે કહ્યું હતું કે, મોદીએ નોટબંધીને આતંકવાદની સામે પગલું ગણાવીને વાત કરી હતી પરંતુ થોડાક દિવસ બાદ જમાર્યા ગયેલા ત્રાસવાદીઓના ખિસ્સામાંથી નવી નોટ મળી આવી હતી. હવે વડાપ્રધાને જવાબ આપવા પડશે કે જે લોકોની મુશ્કેલી વધી છે તે લોકોનું શું થાય. રાહુલે ઉમેર્યું હતું કે, સાત વર્ષમાં સૌથી વધારે બેરોજગારી વધી છે. આની જવાબદારી કોણ લેશે. રાહુલ ગાંધી બાદ તૃણમુલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીએ પણ પ્રહાર કર્યા હતા. મમતાએ કહ્યું હતું કે, નોટબંધી ઉપર અમે વાતચીત કરી છે. આ એક મેગાસ્કેમ તરીકે છે. આઝાદી બાદ ક્યારે પણ આવું થયું નથી. દેશની અર્થ વ્યવસ્થા બિલકુલ ભાંગી પડી છે. દરેક વ્યક્તિ પરેશાન છે. મોદીએ કહ્યું હતું તે કે, તેઓ સારા દિવસો લાવશે.

## Hello ફ્રેન્ડ્સ ● ૪ પાનાનું ચાલુ...

ડિસેંબરની પાર્ટી ઉજવી રહ્યાં.

● ● ●

'તમને દીકરીનાં આ પરાક્રમની અગાઉથી જાણ હતી ?' યામિનીબેને પ્રશ્નાર્થ નજરે પતિને પૂછ્યું.

'ના, જાણ તો નહોતી. પરંતુ હા, વિશ્વાસ જરૂર હતો દીકરી પર !' પતિએ મસ્તક ઊંચું કરતા કહ્યું.

અને ઝીલ ઉત્સાહથી ઉછળી પડી, 'કહ્યું હતું ને મમ્મી, થર્ટી-ફર્સ્ટ ડિસેંબરની પાર્ટી તો મનાવીશું જ...'

ને ફરી એક હવાની લહેરખી આવી. પરંતુ, દીવાની જ્યોત અડીખમ રહીને પોતાનો ઉજાસ રેલાવી રહી હતી.

● ● ●

ઉર્દૂમાં 'મુર્શીદ' શબ્દનો અર્થ શિક્ષક અથવા માર્ગદર્શક એવો થાય છે. નવસારીના ધર્મેશ ગાંધી રચનાત્મક અને સંદેશાત્મક વાર્તા ખૂબ સરસ લખે છે. આજની આ વાર્તામાં એમણે યુવાનો સારા કામ કરે છે, આપણે દર વખતે શંકા કરવાની જગ્યાએ થોડો વિશ્વાસ રાખો એવો મસ્ત સંદેશ આપ્યો છે.

ચૂંટલો:

પાર્ટી અને સેલિબ્રેશન પાછળ દિવાની આ જવાની જોઈને શંકા થવી સ્વાભાવિક છે, પણ... ક્યારેક છૂપા રુસ્તમ આ યુવાનો 'હમ હૈ કમાલકે' સાબિત થતાં હોય છે!

## વિક્રમી મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યમાં ક્યાંય પણ કોઈ અનિચ્છનીય બનાવ બન્યા વગર એકદમ શાંતિપૂર્ણકરીતે મતદાન થયું છે. મતદાન શાંતિપૂર્ણ હોવાની સાથે સાથે ઉંચુ મતદાન પણ નોંધાયું હતું. રાજ્યમાં કુલ ૧૨ જગ્યાએ મરણને કારણે મતદાન પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી હતી જેના પર ફેર મતદાનની તારીખ જલદી જ નક્કી કરીને જાહેર કરવામાં આવશે. મતદાન પૂર્ણ થયા બાદ ૨૯મી ડિસેમ્બરે કુલ ૨૫૨ સ્થળ પર, ૧૬૪૩ હોલમાં, ૪૨૦૦ ટેબલ પર ૧૭૩૪૭ સ્ટાફ દ્વારા ૨૯મીએ મતગણતરી હાથ ધરાશે. વરેશ સિંહાએ આશા વ્યક્ત કરી હતી કે ગત ચૂંટણીઓમાં થયેલા ૭૭ ટકા કરતા વધુ સારું મતદાન થયાના આંકડા આવશે. તેમણે માહિતી આપી હતી કે, આજની ચૂંટણી પ્રક્રિયામાં મહિસાગર જિલ્લાના કડાણા અને લાઠીના નાની રાખ ગામમાં ચૂંટણી પ્રક્રિયા વહીવટી કારણથી અટકાવાઈ હતી. રાજ્ય ચૂંટણી પંચ સત્તાવાર રીતે જાહેર કર્યા મુજબ કુલ ૧૦૨૭૯ ગ્રામ પંચાયતની ચૂંટણી હતી જેમાંથી ૧૩૨૫ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ છે જેથી આજે ૮૯૫૪ ગ્રામ પંચાયત માટે મતદાન યોજાયું હતું. ચૂંટણીને લઈને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પ્રથમવાર મતદારો નોટાનો ઉપયોગ કર્યો હતો. સરપંચના હોદ્દા પર ૨૬૮૧૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

નુતન વર્ષ તથા દેવ દિવાળીની હાર્દિક શુભકામનાઓ
પ્રો. કૈલાશભાઈ
ફોન : ૨૫૩૧૩૬
મો. ૯૪૨૬૩ ૫૦૨૧૯
ખંડેલવાલ
સ્વીટ & નમકીન
માવા, ઘી, પનીર તથા બટરના
હોલસેલ તથા છૂટક વહેપારી
રેલ્વે સ્ટેશન રોડ, રેલ્વે પોલીસ સ્ટેશન સામે, દુ.નં.૩૯, પાલનપુર



હરેશ એચ. ચૌધરી
મહામંત્રી, બનાસકાંઠા જીલ્લા યુવા ભાજપ
ચેરમેન સદ્દભાવના ગૃપ
આવનારૂ નવું વર્ષ આપ સૌને ફળદાયી યશસ્વી નીવડે તેવી હાર્દિક શુભકામનાઓ.....
સદ્દભાવના ગ્રુપના પ્રેરક કાર્યો
➡ સિવિલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓ માટે ચાલતી નીઃસુલ્ક ટીફીન સેવા.
➡ ઉનાળાની ઋતુમાં રાહદારીઓ માટે પાલનપુરની મધ્યે ગુરુનાનક ચોકમાં મિનરલ પાણીની પરબ.
➡ રાત્રીના સમયે પાલનપુરમાં દર્દીઓ માટેની નિઃશુલ્ક રીક્ષાની સેવા
- જીલ્લાના ૭૦૦૦ જરૂરીયાતમંદ કુટુંબોને આરોગ્ય વિભાગ સાથે
➡ સંકલન કરી "મા-વાત્સલ્ય યોજનાનના કાર્ડ" અપાવ્યા.
➡ પાલનપુરની બ્રાંચ શાળાઓમાં વિદ્યાર્થીઓ ને બુટ-મોજા નોટ ચોપડાનું વિતરણ.
➡ જીલ્લાના ૮૦૦૦ વિદ્યાર્થીઓને આરટીઓ વિભાગ જોડે સમન્વય સાધી ખાસ ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પ અંતર્ગત લાઈસન્સ પ્રાપ્ત કરાવ્યા.
➡ ગામડેથી અભ્યાસ અર્થે અપડાઉન કરતા પાલનપુર શહેર ના ૭૫૦૦ વિદ્યાર્થીઓ ને બસના પાસ શાળા કોલેજમાં જ મળી રહે એ માટેની
➡ વ્યવસ્થા એસ.ટી.વિભાગ થકી કરાવડાવી.

નુતન વર્ષાભિનંદન...હાર્દિક શુભેચ્છા સહ..
કુંવારલા ગ્રામ પંચાયત
મુ.કુંવારલા, તા.ધાનેરા, જી. બનાસકાંઠા
★ મારૂં ગામ, ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત ગામ
★ ઘેર ઘેર શૌચાલય, ઘેર ઘેર તંદુરસ્તી
★ પંચાયતના વેરા નિયમિત ભરો,-વૃક્ષ વાવો અને વરસાદ લાવો.
પટેલ રત્નાજી સોનાજી - સરપંચશ્રી
મહેન્દ્રભાઇ ચૌધરી - તલાટીશ્રી
તથા સદસ્યશ્રીઓ અને કર્મચારીગણ

નુતન વર્ષાભિનંદન...હાર્દિક શુભેચ્છા સહ..
નેનાવા ગ્રામ પંચાયત
મુ.નેનાવા, તા.ધાનેરા, જી. બનાસકાંઠા
★ મારૂં ગામ, ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત ગામ
★ ઘેર ઘેર શૌચાલય, ઘેર ઘેર તંદુરસ્તી
★ પંચાયતના વેરા નિયમિત ભરો,-વૃક્ષ વાવો અને વરસાદ લાવો.
રામજીભાઇ સોમાભાઇ પાંસલ
સરપંચશ્રી
ફાલ્ગુનભાઇ
તલાટીશ્રી
તથા સદસ્યશ્રીઓ અને કર્મચારીગણ

નવજીવન ખાદી ગ્રામોધોગ સેવા સંઘ, પાલનપુર
વળતર.........વળતર.........વળતર.........વળતર.......
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતરનો લાભ મેળવો



સુતરાઉ ખાદી - ૨૫% વળતર
પરપ્રાંત ખાદી - ૧૫% વળતર
પોલીવસ્ત્ર - ૨૫ % વળતર
ગરમ ખાદી - ૨૫ % વળતર
આ ઉપરાંત રંગીન ખાદી, ચેક્ષ ખાદી, શર્ટ, ઝભ્ભો, ગાદલા, રજાઇ, ઓશીકા, શેતરંજી, ટુવાલ, આસન, આસનપટ્ટા, સાબુ, અગરબત્તી, મધ, શેમ્પુ તેમજ ગ્રામોધોગની વેરાયટીઝ મળશે.
:- સ્થળ :-
નવજીવન ખાદી ગ્રામોધોગ સેવા સંઘ, પાલનપુર
જુના ગંજ બજાર, ભારતીય સ્ટેટ બેન્ક સામે, રામાપીરના મંદિરની બાજુમાં, પાલનપુર, ફોન : ૨૫૬૩૧૧
ખાદીમાં વિશેષ વળતરનો લાભ લેવા અવશ્ય પધારો.

નૂતન વર્ષાભિનંદન... હાર્દિક શુભેચ્છા સહ....
સુવર્ણ પ્રભાતે શરૂ થતું નૂતનવર્ષ પર્વ વેપારીમિત્રો, ખેડુતભાઈઓ, સ્નેહીજનો તેમજ શુભેચ્છકોને સુખદાયી, સમૃધ્ધિદાયી અને યશસ્વી નિવડે તેવી અંતઃકરણ પૂર્વક શુભેચ્છા....



જાકીર મહંમદ અથાણીયા
પ્રમુખ
દાંતા તાલુકા કોંગ્રેસ સમિતિ

નુતન વર્ષાભિનંદન...હાર્દિક શુભેચ્છા સહ..
વાલેર ગ્રામ પંચાયત
મુ.વાલેર, તા.ધાનેરા, જી. બનાસકાંઠા
★ મારૂં ગામ, ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત ગામ
★ ઘેર ઘેર શૌચાલય, ઘેર ઘેર તંદુરસ્તી
★ પંચાયતના વેરા નિયમિત ભરો,-વૃક્ષ વાવો અને વરસાદ લાવો.
જગશીજી દલાજી ઠાકોર
સરપંચશ્રી
અશોકભાઇ
તલાટીશ્રી
તથા સદસ્યશ્રીઓ અને કર્મચારીગણ

દિપાવલી તથા નુતન વર્ષની હાર્દિક શુભકામનાઓ
અનેક આશાઓ અને અરમાનો સાથે આરંભાતુ નુતન વર્ષ આપ સૌને યશસ્વી નિવડે તેવી અભ્યર્થના સહ....



શિક્ષક કભી સાધારણ નહીં હોતા-ચાણક્ય
મકવાણા દિનેશચંદ્ર રામજીભાઇ
સોલંકી ભગવતીબેન ખેમાભાઇ
શિક્ષકશ્રી-વિરમપુર પ્રા.શાળા
તા. અમીરગઢ, જી.બ.કાં.
રહે, પ્રકાશનગર, મનમંદિર સ્કુલ પાસે,
તાજપુરા રોડ, ઢુંઢિયાવાડી પાલનપુર